જીવનનું સમગ્ર દર્શન
એટલે જ જીવન
જીવવાની કળા
- જે. કૃષ્ણમૂર્તિ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૦૯ | ૨૮ જૂન ૨૦૧૨, ગુરૂવાર, અષાઢ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

મનપા માટે ૧૩૦ કર્મચારીઓનું મહેકમ મંજૂર

૪૫ જગ્યાઓ લોન-પ્રતિનિયુક્તીથી ભરવાની રહેશે જ્યારે ૮૫ જગ્યાઓ આઉટસોર્સીંગથી ભરવા માટે સરકારની મંજૂરી : ૨૩ શાખાઓની જગ્યાઓ મંજૂર કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકા માટે ૧૩૦ કર્મચારીઓના સેટ-અપને આજે રાજ્યના શહેરી વિકાસ વિભાગે મંજૂરીની મહોર મારી કોર્પોરેશનના સત્તાવાળાઓને તેની જાણ કરી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મંજૂર કરાયેલા ૧૩૦ના સેટ-અપમાં સરકારે ૪૫ જગ્યાઓ પ્રમોશન, લોન સર્વિસ અથવા તો પ્રતિનિયુક્તીથી ભરવા તેમજ ૮૫ જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવા માટે મંજૂરી આપી છે.

ગાંધીનગર કોર્પોરેશન દ્વારા રજૂ થયેલી દરખાસ્તમાં કોઈજ પ્રકારનો કાપ મુકવામાં આવ્યો નથી. ૨૩ જેટલી શાખાઓ આ સેટ-અપથી કાર્યાન્વીત કરી શકાશે.

રાજ્ય સરકારે જનસેવા કેન્દ્ર માટે ૪, આરોગ્ય શાખ માટે ૫, ચૂંટણી શાખા માટે ૩, ફાયર સેફ્ટી માટે ૧૩ જગ્યા, કાયદા શાખા માટે ૩ જગ્યા, હિસાબી શાખા માટે ૫ જગ્યા, મહેસુલી કર શાખા માટે ૬ જગ્યા, પ્રોપર્ટીટેક્ષ માટે ૧૦ જગ્યા, ફૂડ એડસ્ટ્રેશન માટે ૩, ઓડિટ શાખા માટે ૪ જગ્યા તેમજ વિજીલન્સ માટે ૪ જગ્યા, ટાઉનપ્લાનીંગ શાખા માટે ૧૧ જગ્યા, કોલ કંટ્રોલ માટે ૬ જગ્યા તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે ૪ જગ્યા મંજૂર કરવામાં આવી છે.

ગાંધીનગર કોર્પોરેશનની સ્ટાફ પેટર્ન માટે સૌ પ્રથમ દરખાસ્ત વહીવટદાર હતા તે દરમ્યાન કરાઈ હતી. આ પછી કોર્પોરેશનની રચના થતાં સ્ટેન્ડીંગ કમિટીએ પણ દરખાસ્ત મોકલી હતી.

રાજ્ય સરકારે સ્ટાફ પેટર્ન બાબતે પૃચ્છાઓ કરી એક તબક્કે આ દરખાસ્ત પરત મોકલી હતી પરંતુ ત્યારબાદ કોર્પોરેશને આર્થિક સ્થિતિ સહિતની બાબતો અંગેની જરૂરી સ્પષ્ટતાઓ સાથે સુધારા દરખાસ્ત રજુ કરી હતી. આ ત્રણેય

● અનુસંધાન પાન-૭ પર

પંચાયતની સામાન્ય સભામાં કોંગ્રેસ સંરક્ષણાત્મક તો ભાજપ આક્રમક મૂડમાં

કારોબારી સમિતિની બેઠકોની નોંધ બહુમતિથી પસાર કરાઈ; આક્રમકતાના મૂડમાં ભાજપે નેઈમ પ્લેટો તોડી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં કોંગ્રેસ પક્ષ સંરક્ષણાત્મક સ્થિતિમાં જોવા મળ્યો હતો. આજની સામાન્ય સભાએ કારોબારી સમિતિની બેઠકોની કાર્યવાહી બહુમતિથી પસાર કરી હતી જ્યારે અન્ય સમિતિઓની કાર્યવાહી સર્વાનુમતે પસાર કરી હતી.

આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલના અધ્યક્ષપદે બપોરે ૩ના ટકોરે શરૂ થઈ હતી. શરૂઆતથી જ વિપક્ષ ભાજપ આક્રમક રહ્યો હતો. એક તબક્કે પ્રા. શાળાઓમાં બાળકોની મુશ્કેલીઓ અંગે રજુઆત કરતાં ભાજપ-કોંગ્રેસ સામસામે આવી ગયા હતા અને ભાજપના સભ્યો શ્રી જયેશભાઈ પટેલ, શંકુતલાબેન પટેલ, નવિનભાઈએ પ્રતિ આક્ષેપ કરી આવેશમાં આવી જઈ તેમના સ્થાને મુકેલ નેઈમ પ્લેટ પણ પછાડતાં તુટી જવા પામી હતી.

ગાંધીનગર જિલ્લામાં ૩૦ બાળકોએ વર્ગખંડો હોવાની વાત પ્રા.શિ.અ.એ કરી હતી. આ પછી વિદ્યાર્થીને બેસવા માટે કેટલી જગ્યા જોઈએ તેવો પ્રશ્ન જયેશભાઈ પટેલે કરી એવી રજુઆત કરી હતી કે માણસાની કુમારશાળા અને કન્યાશાળામાં ધો-૨માં ૧ વર્ગમાં ૧૦૫ વિદ્યાર્થી બેસે છે.

આ તબક્કે શિક્ષણ સમિતિના ચેરમેનશ્રીએ તંત્રનો બચાવ કરવા જતાં વિપક્ષ પર એવો આક્ષેપ કર્યો હતો કે ૧૫ વર્ષ સુધી તમારા પિતા ધારાસભ્ય હતા તેમણે સરકારમાં કેમ રજુઆત ના કરી. આ મુદે વિપક્ષ છંછેડાઈ ગયો હતો અને ભારે ધમાચકડી મચાવી દીધી હતી.

શિક્ષણના આ પ્રશ્નની ચર્ચા દરમિયાન કોંગ્રેસના સભ્યોને બોલવા

● અનુસંધાન પાન-૭ પર

ચોમાસાનું સત્તાવાર આગમન ભલે આપણે ત્યાં થઈ ગયું હોય પણ વરસાદ હજુ ચોમાસાના મૂડમાં આવ્યો નથી. વરસાદ જાણે ગાંધીનગરને જ ભૂલી ગયો હોય એમ અમદાવાદ વરસે, સૌરાષ્ટ્રમાં વરસે ને આસપાસનાં ગામોમાંય વરસે, ગાંધીનગરમાં નહીં. અલબત્ત, વાદળછાયા વાતાવરણ ને ભફારાથી સતત એ બાબતનો અહેસાસ થયા કરે છે કે ઋતુ ચોમાસાની છે. (તસવીર : દિપક જાની)

સિક્સ-એસના સહારે મુખ્યમંત્રીનો વિધાનસભા ચૂંટણી જીતવાનો વ્યૂહ

સોશ્યલ ડેવલપમેન્ટ, સેનિટેશન, સ્કૂલ હેલ્થ એન્ડ એજ્યુકેશન પ્રોગ્રામ, સર્વિસ સેક્ટર, સદભાવના અને સિક્યોરિટીનો સમાવેશ

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા. ૨૭

૧૯૯૨ના વિધાનસભાની ચૂંટણી સિક્સ-એસના સહારે જીતવાનો વ્યૂહ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ બનાવ્યો છે. સૌનો સાથ, સૌનો વિકાસ એ સૂત્ર સાથે ૨૦૧૨માં આ સરકારે વિકાસના મુદ્દા ઉપર ધ્યાન કેન્દ્રીત કરીને રાજ્યના મતદારોને રિઝવવાનું નક્કી કર્યું છે.

આ સિક્સ-એસ એટલે સોશ્યલ ડેવલપમેન્ટ, સેનિટેશન, સ્કૂલ હેલ્થ એન્ડ એજ્યુકેશન, સિક્યોરિટી, સર્વિસ સેક્ટર અને સદભાવના. સરકાર એવું માને છે કે આ છ એસએ ચૂંટણી માટેનો મજબૂત પાયો છે, જેમાં યુવાનો, મહિલાઓ, નોકરીયાતો અને કિસાનો સહિતના વિવિધ સેક્ટરના સમૂહો આવરી લેવાયા છે.

સોશ્યલ ડેવલપમેન્ટ એટલે સામાજીક વિકાસ. સૌનો વિકાસ, જેમાં ખેડૂતો, મહિલાઓ, યુવાનો, એસટી, એસસી, ઓબીસી અને જનરલ સહિત વિવિધ સમાજ વર્ગના લોકો,

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાતમાં હવે શું હશે....

- અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ટ્રેન
- કલ્પસર પ્રોજેક્ટની શરૂઆત
- દરિયાકાંઠાના શહેરોની યોજના
- ટુરિઝમ માટે સી-બીચનો વિકાસ
- ૧૪ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ ઝોન
- ડીએમઆઇસી-ડીએફસી વિકાસ
- રાજ્યમાં ૮ ટ્વિનસિટીનો પ્રોજેક્ટ
- નવા શહેરોનો સમાવેશ કરવો
- સિવિલ એવિયેશનનું ડેવલપમેન્ટ
- વાયબ્રન્ટ સમિટ-૨૦૧૩ની તૈયારી
- નદી કિનારાના શહેરોમાં રિવર ફ્રંટ
- મોટા શહેરોમાં બીઆરટીએસ
- મધ્યમ વર્ગ માટે સસ્તા મકાનો

રક્ષાશક્તિ યુનિવર્સિટીની જમીન ગૌચર નહિ પણ સરકારી પડતર જમીન છે : કલેક્ટર પી. સ્વરૂપ

જમીન મહેસુલના નિયમો અનુસાર રાજ્યના ગૃહ વિભાગને રક્ષાશક્તિ યુનિવર્સિટી બનાવવા ફાળવેલ છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લવાડ ગામમાં રક્ષાશક્તિ યુનિવર્સિટી નવનિર્માણ પામનાર છે. આ યુનિવર્સિટીને ફાળવેલ જમીન લવાડ ગામની ગૌચર જમીન નથી પરંતુ સરકારી માલિકીની પડતર જમીન ફાળવવામાં આવી છે. લવાડ ગામની ગૌચર જમીન ગ્રામ પંચાયત દસ્તક હોવાનું જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા આતંકવાદી પ્રવૃત્તિને ડામવા, સાયબર ક્રાઈમ જેવા અન્ય ગુનાઓના ભેદ ઉકેલવા તાલીમબદ્ધ રક્ષકો તૈયાર કરવાના ઉમદા આશયથી રક્ષાશક્તિ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. આ યુનિવર્સિટી રાજ્યના પાટનગરના દહેગામ તાલુકાના લવાડ ગામ નજીક અદ્યતન સાધનો સાથે નિર્માણ પામનાર છે. પરંતુ છેલ્લા થોડાક સમયથી આ યુનિવર્સિટીને ફાળવવામાં આવેલ જમીન ગૌચરની જમીન હોવાની વાત લોકોમાં ચર્ચાસ્પદ બની ગઈ હતી.

આ અંગે આજે જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપે જણાવ્યું હતું કે રક્ષાશક્તિ યુનિવર્સિટી રાજ્યના ગૃહ વિભાગ દસ્તકની સરકારી યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટીના અદ્યતન ઈમારત બનાવવા માટે જિલ્લાના દહેગામ તાલુકાના લવાડ ગામની સરકારી પડતર જમીન સર્વે નં. ૩૫૫/૩ પૈકીના હે. ૭૭ આરે. ૭૫-૦૫ ચો.મી. જમીન (૩૦૪ એકર) મહેસુલ વિભાગની પરવાનગીથી કલેક્ટરશ્રીએ જમીન મહેસુલના નિયમો અનુસાર રાજ્યના ગૃહ વિભાગને રક્ષાશક્તિ યુનિવર્સિટી બનાવવા ફાળવેલ છે.

તે ઉપરાંત લવાડ ગામની સરકારી જમીન સર્વે નં. ૩૩૭, ૩૫૨ અને ૩૫૩+૩૫૪/૨ની કુલ-૧૬ આર ૮૧-૭૫ ચો.મી. જમીન રાજ્યના ગૃહ વિભાગને મહેસુલ વિભાગના નિયમો અનુસાર આપવામાં આવી છે. આ તમામ જમીન લવાડ ગામની ગૌચર જમીન નથી. તેમજ લવાડ ગામની ૭૮ હેક્ટર જેટલી ગૌચર જમીન ગ્રામ પંચાયત દસ્તક હોવાનું પણ કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું.

આ યુનિવર્સિટી દહેગામ તાલુકાના લવાડ ગામ નજીક અદ્યતન સાધનો સાથે નિર્માણ પામનાર છે

નવા મુખ્ય ચૂંટણી કમિશનર સંપટ ૯મી જુલાઈએ ગુજરાતની મુલાકાતે

૨૦૦૭માં ચૂંટણી બે તબક્કે કરવામાં આવી હતી તેમ આ વખતે પણ બે તબક્કે યોજાય તેવી સંભાવના, ચૂંટણી તૈયારીની સમીક્ષા બેઠક કરશે

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા. ૨૭

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર વી.એસ.સંપટ આગામી ૯મી જુલાઈએ ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે. તેમની સાથે ચૂંટણી પંચના અન્ય ટોચના અધિકારીઓનો કાફલો હશે. મતદાર યાદી સુધારણા ઝૂંબેશ, એપીક કાર્ડ અને ચૂંટણીને લગતી બાબતો અંગે રાજ્યના અધિકારીઓ પાસેથી માહિતી મેળવશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર મહિનામાં યોજાનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત ઓકટોબર મહિનામાં થાય તેવી સંભાવના છે. આ પહેલાં રાજ્યમાં ડિલીમીટેશન પ્રમાણે બેઠકોમમાં ફેરફાર થયો છે તેની જાણકારી પણ તેઓ મેળવશે.

ચૂંટણી આચાર સંહિતા માટેના મહત્વના પ્રશ્નો, ચૂંટણી પંચને પડી રહેલી મુશ્કેલીઓ તેમજ મતદાર યાદીઓ બાબતે તેઓ સૂચના આપે તેમ મનાઈ રહ્યું છે.

જૂન મહિનામાં ચૂંટણી પંચ દ્વારા મતદાર નોંધણી અંગે ઝૂંબેશ ચલાવવામાં આવી હતી, જેમાં નવા મતદારોની નોંધણી થઈ છે અને બેવડા મતદારોના નામ યાદીમાંથી કમી પણ થયાં છે. અગાઉ ૨૫મી જૂને નાયબ ચૂંટણી કમિશનર વિનોદ જુત્શીએ પણ ગુજરાતની મુલાકાત લઈ જિલ્લા તેમજ નાયબ ચૂંટણી અધિકારીઓ સાથે ચૂંટણી તૈયારીની સમીક્ષા કરી હતી.

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરનો તાજેતરમાં ચાર્જ લીધા પછી સંપટ પહેલીવાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે. તેઓ આ અગાઉ ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણીને મહત્વની ગણાવી રહ્યાં છે. તેઓ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અનિતા કરવલ અને પંચના ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વની બેઠક કરશે.

ગુજરાતમાં ૨૦૦૭ની ચૂંટણી બે તબક્કે કરવામાં આવી હતી. આ વખતે પણ બે તબક્કે થાય તેવી સંભાવના છે કારણ કે રાજ્યમાં સંવેદનશીલ બેઠકોની સંખ્યામાં વધારો થયો છે.

શ્રદ્ધાંજલિ

સ્વ. વાઘેલા અદુભાઈ અગરસિંહ

સ્વ. તારીખ : ૨૫-૬-૨૦૧૨

મુ. પો. ઊંબરી, તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા, ઠે. મોટીપાટી ઉંબરી

હસમુખો સ્વભાવ આપનો, સદા મુશ્કુરાતા ચહેરે
ભગવાન આપના ચિર આત્માને શાંતિ આપે....

વી.

વાઘેલા અમરસિંહ સુરજસિંહ (બાપુજી) | વાઘેલા અગરસિંહ સુરજસિંહ (પિતા)
વાઘેલા મેતુભા ભુપતસિંહ (કાકા) | વાઘેલા ભુપતસિંહ ચંદનસિંહ (બાપુજી)
વાઘેલા સંજયસિંહ અગરસિંહ (ભાઈ) | વાઘેલા મનુભાઈ અગરસિંહ (ભાઈ)
વાઘેલા યશપાલસિંહ અદુભાઈ (પુત્ર) | વાઘેલા યુવરાજસિંહ અદુભા (પુત્ર)

સ્નેહસભર અભિનંદન

ધર્મેન્દ્રસિંહ ડી. વાઘડા | રણજીતભાઈ ચૌધરી | ચંદ્રકાન્ત પટેલ મહેસાણા
કિરીટસિંહ વાઘડા | તેજસભાઈ ચૌધરી (મહેસાણા) | અશોકભાઈ ચૌધરી

બેસણું

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **ઈશ્વરભાઈ શીવરામદાસ પટેલ (પૂર્વ સંચાલક ગ્રામ ભારતી - અમરાપુર)** વતન દેલવાડાનો સ્વર્ગવાસ તા. ૨૭-૬-૨૦૧૨ને બુધવારના રોજ થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૮-૬-૨૦૧૨ને ગુરૂવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

પ્લોટ નં. ૫૧૫/૨, વિરાટનગર સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર

લિ. પ્રો. રમેશભાઈ આઈ. પટેલ (એલ.ડી. એન્જી. કોલેજ)

ડો. આનંદ રાજેશભાઈ પટેલ | સ્વ. ડો. રાજેશભાઈ આઈ. પટેલ
ડો. આશિષ રમેશભાઈ પટેલ | સ્વ. સોમભાઈ અમીચંદ પટેલ
વિવેક રાજેશભાઈ પટેલ | ભીખાભાઈ જીવણભાઈ પટેલ

ફર્મ : પાર્શ્વનાથ ગ્રેનાઈટ ● ટાઈલ્સ ઈન્ડીયા
ફોન : ૯૮૬૯૦૧૩૫૧૫ ● ૯૯૮૮૯-૮૪૦૪